# એડમિશન મેળવવાના સાત રસ્તા



જે ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં ભણવાના બહાને ત્યાં રહેતાં એમનાં સગાંવહાલાંઓની મોટેલોમાં, ગેસ સ્ટેશનો ઉપર, લીકર સ્ટોરોમાં કે સ્ટોરોમાં ગેરકાયદેસર કામ કરવાની ઈચ્છા ધરાવે છે અથવા તો જેઓ ભણવાના બહાને અમેરિકામાં પ્રવેશ મેળવીને પછી ત્યાં કાયમ માટે ઈલીગલી રહેવા ઈચ્છે છે એમને કઈ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવો એ ચિંતા સતાવતી નથી. તેઓ તો જે શહેરમાં એમનાં સગાંવહાલાં રહેતાં હોય, જે શહેરમાં એમણે ઈલીગલી કામ કરવું હોય કે પછી અમેરિકાના જે સ્ટેટમાં એમણે ગેરકાયદેસર કાયમી વસવાટ કરવો હોય ત્યાંની કોઈ પણ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી લે છે.

ભારતમાં અમેરિકાની યુનિવર્સિટીઓ એમના જે એજ્યુકેશન ફેર આયોજે છે એ મદદરૂપ થઈ પડે છે. આવા એજ્યુકેશન ફેરમાં 10-15 અમેરિકન યુનિવર્સિટીઓ, આવા વિદ્યાર્થીઓને જેમાંની મોટાભાગની નવી ખૂલેલી અથવા તો સામાન્ય કે એથી પણ ઓછી નીચલી કક્ષાની યુનિવર્સિટીઓ હોય, તેઓ ભાગ લેતા હોય છે. આવી યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓને એ યુનિવર્સિટીઓના રીપ્રેઝન્ટેટીવ્સ તેમ જ એમના ભારતના પ્રતિનિધિ વિઝા કન્સલ્ટન્ટો યા એજ્યુકેશન કન્સલ્ટન્ટો અરજી કરતાં જ પ્રવેશ અપાવી દે છે.

અનેક યુનિવર્સિટીઓ SET યા GMAT યા GRE આવી પરીક્ષાઓ વિદ્યાર્થીઓએ આપવી જોઈએ એવો આગ્રહ પણ નથી સેવતી. અંગ્રેજી ભાષા બરાબર આવડતી ન હોય એવા વિદ્યાર્થીઓ માટે એ યુનિવર્સિટીઓ જણાવે છે કે અમે આ વિદ્યાર્થીને અમારા કેમ્પસ ઉપર ખાસ ઈંગ્લીશ લેંગવેજના ટ્યુટોરલ આયોજશું.

જે ભારતીય વિદ્યાર્થીઓ ખરેખર ભણવાના ઈરાદાથી, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાના વિચારથી, અમેરિકાની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય છે એમને અમેરિકામાં આવેલી સેંકડો યુનિવર્સિટીઓમાંથી કઈ યુનિવર્સિટી, એમને જે વિષયમાં અભ્યાસ કરવો હોય એ વિષયનું જ્ઞાન આપવામાં આગળ પડતી છે એનો નિર્ણય લેવામાં તકલીફ પડે છે. તેઓ અમેરિકાની સારામાં સારી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં હોય છે એ યુનિવર્સિટી એમને એડમિશન આપશે જ, એ માટે ચિંતા કરતા હોય છે.

અમેરિકાની પ્રથમ કક્ષાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવો એ ભારતીય વિદ્યાર્થીઓ તેમ જ અન્ય વિદ્યાર્થીઓ માટે લોઢાના ચણા ચાવવા બરાબર હોય છે. આવી યુનિવર્સિટીઓ એમને મળતી એડમિશન માટેની 100 યુનિવર્સિટીઓમાંથી માંડ 10-15 અરજીઓ સ્વીકારે છે. એમને ત્યાં એડમિશન રેટ 10% માંડીને 15% જેટલો હોય છે. આથી જ હોંશિયાર વિદ્યાર્થીઓ, અમને આ યુનિવર્સિટી પ્રવેશ આપશે કે નહીં? એની હરહંમેશ અરજીનો નિર્ણય આવે ત્યાં સુધી ચિંતા કરતા હોય છે.

આવા વિદ્યાર્થીઓ એડમિશન મેળવવાના જો નીચે જણાવેલ જે સાત રસ્તાઓ છે એ અખત્યાર કરશે તો એમને એડમિશન મેળવવામાં સુવિધા થઈ પડશે.

**અમેરિકા વિઝા ગાઈડ**

★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

એડમિશન મેળવવા માટે વિદ્યાર્થીઓ, એમાં પણ ખાસ કરીને પરદેશી વિદ્યાર્થીઓ જે અરજી કરે છે એમાં યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને એમની અરજીમાં એમની બેસ્ટ ક્વોલિટી દર્શાવવાનું અને એમની લાયકાતો એ યુનિવર્સિટી માટે બંધબેસતી છે એ દર્શાવવાનો પૂરેપૂરો અવસર આપે છે.

**વિદ્યાર્થી જે નિબંધ લખીને મોકલાવે એમાં એમણે એમની જાત માટે, એમના ગમાઅણગમા, એમની સિદ્ધિઓ અને ભવિષ્યના ઈરાદાઓ વિષે જાણ કરવી જોઈએ. આ જાણકારી એડમિશન ઓફિસરો માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. યાદ રાખજો તમારી એડમિશન માટેની અરજી ફક્ત એક જ એડમિશન ઓફિસર વાંચતા અને તપાસતા નથી એકથી વધુ વ્યક્તિઓ એ વાંચે છે, તપાસે છે અને એમના અભિપ્રાયો જણાવે છે**

ભારતીય વિદ્યાર્થીઓએ આનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ. એમનામાં જે ખાસ, સારામાં સારી આવડત હોય એ દર્શાવીને, એ આવડતો તેઓ જે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી રહ્યા છે એ યુનિવર્સિટી માટે કેવી બંધબેસતી છે એ પણ દેખાડવી જોઈએ.

જો બેચલર્સના કોર્ષ માટે અરજી કરી હોય તો સ્કૂલની ફાઈનલ એક્ઝામમાં અને જો માસ્ટર્સના કોર્ષ માટે અરજી કરી હોય તો બેચલર્સના કોર્ષની પરીક્ષામાં તમારા જો 'એ' ગ્રેડ હોય તો ઉત્તમ પણ અમેરિકાની યુનિવર્સિટીના એડમિશન ઓફિસરોને એ વાતની જાણકારી હોય છે કે ખૂબ આગળ પડતી સારી યુનિવર્સિટી, કોલેજ કે શાળાની 'B' ડિગ્રી, સામાન્ય યુનિવર્સિટી, કોલેજ કે શાળાની 'A' ડિગ્રી કરતાં વધુ નિપુણતા દર્શાવે છે.

એડમિશન ઓફિસરોને ભારતની બધી જ શૈક્ષણિક સંસ્થાઓની જાણકારી હોય છે. આથી કઈ શૈક્ષણિક સંસ્થાના 'B' ગ્રેડ વિદ્યાર્થીઓ અન્ય કઈ સંસ્થાના 'A' ગ્રેડ વિદ્યાર્થીઓ કરતાં વધુ હોંશિયાર છે એની એમને ખબર હોય છે. આથી જો વિદ્યાર્થીએ ભારતમાં સારી, આગળ પડતી, વખણાયેલી કોલેજ યા સ્કૂલમાં શિક્ષણ લીધું હશે તો એમની ગણના ભલે એમનો ગ્રેડ 'B' હોય, પણ 'A' ગ્રેડમાં કરવામાં આવશે.

એડમિશન મેળવવાના સાત રસ્તામાંથી ત્રીજો રસ્તો છે SET, GMAT યા GREની જે પરીક્ષા આપવાની હોય એમાં ઉચ્ચ ગુણાંક મેળવવાનો. જો આ ટેસ્ટમાં તમે ખૂબ ઊંચા માર્ક્સ લાવશો તો તમારી ગણના એક સારા વિદ્યાર્થીમાં કરવામાં આવશે અને એડમિશન ઓફિસરો પ્રવેશ માટે તમારા ઉપર એમની પસંદગી ઉતારશે.

ભારતીય વિદ્યાર્થીઓએ જો ભણવા ઉપરાંત એક્સ્ટ્રા એક્ટિવીટીમાં ભાગ લીધો હોય, એમણે જે રેકમન્ડેશન લેટરો સુપરત કર્યા હોય એ જાણીતી પણ અજાણી વ્યક્તિઓના હોય એના કરતાં એમને ઓળખતી વ્યક્તિઓના હોય, તો એ પત્રો વધારે અસર કરશે.

વિદ્યાર્થી જે નિબંધ લખીને મોકલાવે એમાં એમણે એમની જાત માટે, એમના ગમાઅણગમા, એમની સિદ્ધિઓ અને ભવિષ્યના ઈરાદાઓ વિષે જાણ કરવી જોઈએ. આ જાણકારી એડમિશન ઓફિસરો માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. યાદ રાખજો તમારી એડમિશન માટેની અરજી ફક્ત એક જ એડમિશન ઓફિસર વાંચતા અને તપાસતા નથી એકથી વધુ વ્યક્તિઓ એ વાંચે છે, તપાસે છે અને એમના અભિપ્રાયો જણાવે છે.

છેલ્લે સાતમા રસ્તા તરીકે જો તમે એડમિશન અરજી કરતા પહેલાં યુનિવર્સિટીની મુલાકાત લીધી હોય તો એ યુનિવર્સિટીના કેમ્પસને જોયા બાદ તમારા માટે એ કેટલી અનુરૂપ છે એ જણાવવું ખૂબ જરૂરી છે.

અમેરિકાની સારી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાના આ સાત રસ્તાઓ છે. તમારે એ બધા જ રસ્તાઓ ઉપર ચાલવાનું છે અને એડમિશન મેળવવાનું છે.

# ડિલિવરી બોક્સ અને પેપર હંમેશા બ્રાઉન કેમ હોય છે?

આજકાલ ઓનલાઈન શોપિંગનો એવો ક્રેઝ વધ્યો છે કે, લોકો ઘરે બેઠાં-બેઠાં આડેધડ શોપિંગ કરી રહ્યા છે. લોકો ઘરે બેસીને તેઓની જરૂરિયાતની વસ્તુઓ ઓનલાઈન ઓર્ડર કરે છે, જે કુરિયરથી તેમના ઘરે આવે છે. આ સાથે ગ્રાહકોને તેમની મનપસંદ વસ્તુઓ તેમના ઘરે જ તેમના દ્વારા ઓર્ડર કરવામાં આવે છે.

જો કે, જો તમે તમારા ઘરે કુરિયર કરાયેલા પાર્સલને ધ્યાનથી જોશો, તો તે બ્રાઉન ક્લરના બોક્સમાં આવે છે. તમે એ પણ નોંધ્યું હશે કે કુરિયરથી આવતા બોક્સ હંમેશા બ્રાઉન ક્લરના હોય છે.

શું તમે જાણો છો કે આ બોક્સ હંમેશા બ્રાઉન ક્લરના જ કેમ હોય છે? જો નહીં, તો ચાલો આજે તમને જણાવીએ તેની



પાછળનું એક મહત્વનું કારણ.

ખરેખર, અમારા પાર્સલ જે કુરિયર બોક્સમાં આવે છે તે કોરુગેટેડ બોર્ડના બનેલા હોય છે. કાર્પોર્ટ કાગળથી બનેલું છે. હવે તમે જાણતા હશો કે કુદરતી કાગળો બ્લીચ થતા નથી, તેથી જ તે બ્રાઉન કલરના જ હોય છે.

આપણે નેચરલ પેપરને બ્લીચ કરીને સફેદ કરીએ છીએ, જેથી અમે તેના પર સરળતાથી લખી શકીએ. જો કે, આપણે કોર્પોર્ટ પર કંઈપણ લખવાનું નથી હોતું, તેથી તેને સફેદ કરવા માટે કોઈ પૈસા ખર્ચવામાં આવતા નથી.

કંપનીઓ માલના ઓનલાઈન બુકિંગની ડિલિવરી માટે જે બોક્સનો ઉપયોગ કરે છે તે વાસ્તવમાં કાર્પોર્ટ બોક્સ છે કારણ કે કોઈ ગ્રાહક કુરિયર માટે ઉપયોગમાં લેવાતા કાર્પોર્ટ બોક્સ માટે વધારાની ચૂકવણી કરતા નથી.